# પૂનમે પિતૃ સ્મરણનાં પ્રારંભ સાથે આજે શ્રાદ્ધ પક્ષની એકમ

**કુતુપ** મુહૂર્ત સવારે 11:45થી બપોરે 12:35 અને રોહિણી મુહૂર્ત બપોરે 12:35થી 1:15 સુધી રહેશે

સુરતઃ ભાદરવા સુદ પૂનમને પૌષ્ટપદી પૂર્ણિમા અથવા ઋષિ તર્પણ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. કોઈ વ્યક્તિના પૂર્વજનું અવસાન કોઈપણ માસની પૂર્ણિમાના દિવસે થયું હોય તો તેમનું વાર્ષિક શ્રાદ્ધ ભાદરવા માસની પૂર્ણિમા તિથિએ કરવાની પરંપરા છે. પૌષ્ટપદી પૂર્ણિમાને પિતૃપક્ષનો પ્રથમ દિવસ અથવા પ્રવેશદ્વાર પણ માનવામાં આવે છે. આજે શનિવારે પૂર્ણિમાનું શ્રાદ્ધ, જ્યારે તા. 27 સપ્ટેમ્બર, રવિવારે એકમનું શ્રાદ્ધ મનાવવામાં આવશે. શ્રાદ્ધ પક્ષનું સમાપન તા. 10 ઓક્ટોબર, શનિવારે સર્વપિતૃ અમાવસ્યાએ થશે. જેમની શ્રાદ્ધની તિથિ યાદ ન હોય અથવા કોઈ કારણસર શ્રાદ્ધ રહી ગયું હોય, તેમનું શ્રાદ્ધ સર્વપિતૃ અમાવસ્યાએ કરવાની પરંપરા છે. સ્થાનિક સમય પ્રમાણે આ વર્ષે કુતુપ મુહૂર્ત સવારે 11:45થી બપોરે 12:35 અને રોહિણી મુહૂર્ત બપોરે 12:35થી 1:15 સુધી રહેશે. શ્રાદ્ધ કર્મ સવારે કે સાંજે ન કરવાની પરંપરા છે. પિતૃ તૃપ્તિ માટે તર્પણ, પિંડદાન, બ્રાહ્મણ ભોજન તથા દાનનું મહત્વ છે. શ્રાદ્ધમાં પંચબલિનું પણ વિશેષ મહત્ત્વ છે. શ્રાદ્ધની તિથિ માત્ર કેલેન્ડર મુજબ નહીં, પરંતુ અવસાન સમયે રહેલી તિથિ અને તે દિવસની ચંદ્ર તિથિને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. લોકવાયકા કે રીતિરિવાજ મુજબ કેટલાક લોકો પૂનમના શ્રાદ્ધને પિતૃપક્ષની શરૂઆત માને છે, જ્યારે શાસ્ત્રીય ગણતરી મુજબ પિતૃપક્ષ (મહાલય પક્ષ) ની શરૂઆત મુખ્યત્વે એકમથી થતી હોય છે અને પૂનમનું શ્રાદ્ધ તેની પૂર્વસંધ્યા જેવું ગણાય છે.

# શાકભાજી માર્કેટમાં ઝાડ પડતાં 5ને ઈજા

**નાનપુરામાં** ઝાડની ડાળીઓની નીચે પાંચ વાહનો પણ દબાયાં, દુકાનોને પણ નુકસાન

સુરતઃ નાનપુરા શાકભાજી માર્કેટ વિસ્તારમાં આવેલી દોટીવાલા બેકરી પાસે એક વિશાળકાય વૃક્ષ અચાનક ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં વૃક્ષ નીચે કેટલાક લોકો દબાઈ ગયા હતા, જ્યારે રસ્તા પર ઊભેલાં 5થી 7 જેટલાં વાહનો અને આસપાસની દુકાનોને મોટું નુકસાન પહોંચ્યું હતું. ઘટના અંગે 112 હેલ્પલાઈન દ્વારા જાણ કરાતાં જ ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ ઘટના સ્થળે દોડી આવી હતી અને કટર મશીન વડે વૃક્ષની ડાળીઓ કાપી રસ્તો ક્લિયર કરવાની તથા દબાયેલાં વાહનો બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.



## 2025માં મનપામાં ઝાડ કાપવાં રજૂઆત કરાઈ હતી: ફિરોઝ શેખ

આ દુર્ઘટના અંગે પ્રત્યક્ષદર્શી ફિરોઝ શેખે જણાવ્યું હતું કે, વર્ષ-2025માં જ આ જોખમી ઝાડ કાપવા માટે લેખિત અરજી કરવામાં આવી હતી. પરંતુ 'આ જગ્યા દરગાહની મિલકત છે' તેમ કહી તંત્ર દ્વારા સમગ્ર બાબતને ટાળી દેવામાં આવી હતી અને કોઈ જ કાર્યવાહી કરાઈ નહોતી.

## ફાયર આવે તે પહેલા લોકોએ દબાયેલાને બહાર કાઢી લીધા: ફાયર ઓફિસર

ઘટના સ્થળે પહોંચેલા ફાયર ઓફિસર બળવંતસિંહે જણાવ્યું હતું કે, ફાયર ટીમ પહોંચે તે પહેલાં સ્થાનિક લોકો દ્વારા જ ઝાડ નીચે દબાયેલા 3 લોકોને નજીકની હોસ્પિટલમાં ખસેડી દેવાયા હતા. ઝાડ ખૂબ મોટું હોવાથી અન્ય કોઈ વ્યક્તિ કે બાળક નીચે ફસાયેલું છે કે નહીં તેની ખાતરી કરાઈ હતી.

## આપમેળે જ ઝાડ પડી ગયું હતું: વેપારી નયનાબેન

બીજી તરફ ઘટનામાં ભોગ બનનાર અને ઈજાગ્રસ્ત સ્થાનિક વેપારી નયનાબેને કહ્યું હતું કે, તેઓ માર્કેટમાં મચ્છી વેચવાનું કામ કરે છે. સવારે જ્યારે તેઓ વેચાણ કરી રહ્યાં હતાં ત્યારે ઝાડને કોઈએ છંછેડ્યું પણ ન હોવા છતાં તે મેળે જ ધરાશાયી થયું હતું. તેમની પાસે મચ્છી ખરીદી રહેલાં મહિલા ગંભીર રીતે ઘવાયાં હતાં, જ્યારે અન્ય રસ્તા પરથી પસાર થઈ રહેલા લોકોને પણ ઈજાઓ પહોંચી હતી અને નયનાબેન પોતે પણ માથાના ભાગે ઈજાગ્રસ્ત થયાં હતાં. તેમણે પ્રશાસન પાસે માંગ કરી છે કે આ વિસ્તારમાં આવેલા અન્ય જોખમી ઝાડોને તાત્કાલિક કાપવામાં આવે. જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટના ફરી ના સર્જાય.

## જાણીતા ફિલ્મ અભિનેતા વિકી કૌશલ સુરતની મુલાકાતે આવ્યા



સુરતઃ જાણીતા ફિલ્મ અભિનેતા વિકી કૌશલ સુરતની મુલાકાતે આવ્યા હતા. તેમણે હરિત ઝવેરી જ્વેલર્સના સુરત ખાતેના નવા સ્ટોરનું ઉદ્દઘાટન કર્યું હતું. આ સ્ટોરનો અનુભવ અને તેની આંતરિક રચના (ઇન્ટિરિયર) હરિત ઝવેરી જ્વેલર્સના 'ઇન્ડિયા મોર્ડન' દ્રષ્ટિકોણને જીવંત બનાવે છે. અહીં એક એવું વિશાળ વાતાવરણ તૈયાર કરવામાં આવ્યું છે જ્યાં માત્ર જ્વેલરી જ નહીં, પરંતુ 'ચોખ્ખો વ્યવહાર' અને 'કોઈ ભેદભાવ નહીં' જેવા મૂળભૂત મૂલ્યોને સર્વોચ્ચ મહત્વ આપવામાં આવે છે. વિકી કૌશલે જણાવ્યું હતું કે, હું ગુજરાતમાં આવીને અને સુરતમાં હરિત ઝવેરીના આ નવા વારસાના ઉદ્ઘાટનનો હિસ્સો બનીને ખૂબ જ આનંદ અનુભવું છું. મારા માટે વ્યક્તિગત રીતે, જ્વેલરી એ યાદો અને ઉજવણીઓ સાથે જોડાયેલી છે.

# નાસીરનગર ડિમોલિશનઃ અધિકારીને ગાંધીનગર હાજર રહેવા ફરમાન

**પ્રિન્સિપલ** સેક્રેટરીની અધ્યક્ષતા વાળી કમિટીએ બોલાવતા વહીવટી આલમમાં ફફડાટ

સુરતઃ વેડ દરવાજા સ્થિત નાસીરનગર વસાહતના કાચા-પાકા મકાનો કોઈપણ જાતની પૂર્વ નોટિસ આપ્યા વિના તોડી પાડવાના વિવાદાસ્પદ પ્રકરણમાં રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત ઉચ્ચસ્તરીય કમિટીએ કડક વલણ અપનાવ્યું છે. પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થેન્નારસનની અધ્યક્ષતામાં રચાયેલી આ ખાસ કમિટી દ્વારા ડિમોલિશનની કામગીરી સાથે સીધી રીતે જોડાયેલા સુરત મનપાના વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ આ કેસમાં અગાઉ સસ્પેન્ડ થયેલા કર્મચારીઓને સોમવારે ગાંધીનગર ખાતે કમિટી સમક્ષ રૂબરૂ પૂછપરછ માટે હાજર રહેવા ફરમાન કરવામાં આવ્યું છે. સરકારી કમિટીએ સમગ્ર ઘટનાક્રમનો તપાસ રિપોર્ટ સીધો હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવાનો હોય, ડિમોલિશનનો નિર્ણય કયા આધારે લેવાયો, તેમાં કયા નિયમોનું ઉલ્લંઘન થયું અને કયા અધિકારીની શું ભૂમિકા હતી તે તમામ પાસાઓની ગહન ચકાસણી શરૂ કરી દીધી છે. ગાંધીનગરથી આવેલી આ સીધી તેડાની નોટિસને પગલે ઘટના સાથે સંકળાયેલા મનપાના કર્મચારીઓ અને સમગ્ર વહીવટી આલમમાં ભારે ખળભળાટ અને ફફડાટ વ્યાપી ગયો છે.

ઉલ્લેખનીય છે કે, નાસિરનગર વસાહતમાં નોટિસ વગર કરાયેલી આ ગેરકાયદે કામગીરી સામે ભારે વિરોધ અને કાનૂની વિવાદ ઊભો થયો હતો, જેમાં શરૂઆતમાં જ શિસ્તભંગના પગલાં ભરી સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર સુઝલ પ્રજાપતિ સહિત પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા હતા. જોકે, ગેરકાયદે સસ્પેન્શન અને અન્યાયનો આક્ષેપ મૂકી સુઝલ પ્રજાપતિએ હાઈકોર્ટના દરવાજા ખખડાવતાં સમગ્ર મામલાએ નવો વળાંક લીધો હતો. હાઈકોર્ટે સુનાવણી દરમિયાન મનપા તંત્રની કામગીરી સામે ભારે નારાજગી વ્યક્ત કરી મ્યુનિસિપલ કમિશનર સહિતના જવાબદાર અધિકારીઓ સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ટકોર કરી હતી. હાઈકોર્ટના આ આકરા વલણના પગલે રાજ્ય સરકારે ત્વરિત એક્શન લેતાં તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનની તાત્કાલિક અસરથી બદલી કરી નાખી હતી અને તપાસનો રેલો ગાંધીનગર સુધી પહોંચ્યો છે.

## તાપીના જળસ્તરમાં ઘટાડો થતાં વિયર-કમ કોઝવે પુનઃ શરૂ



(તસવીર : સતીષ જાદવ)

ભારે વરસાદને કારણે ચાલુ વર્ષે ઓવરફ્લો થવાને કારણે ગત 3 જી જુલાઈ 2026 ના રોજ કોઝવે બંધ કરી દેવાયો હતો, જેના પર સતત બે મહિનાથી વધુ સમય સુધી પાણી ફરી વળ્યા હતા. સપ્ટેમ્બર મહિનામાં પાણી ઓછાં થતાં તેને ખુલ્લો કરાયો હતો, પરંતુ વરસાદનું જોર ફરી વધતાં અને જળસ્તર ઊંચકાતાં તકેદારીના ભાગરૂપે તંત્રએ તેને તાત્કાલિક અસરથી પુનઃ બંધ કરી દીધો હતો. જોકે, હાલમાં વરસાદ અને આવક ઘટતાં લાંબા સમય બાદ કોઝવે પુનઃ શરૂ થતાં સિંગણપોર અને રાંદેર વિસ્તાર વચ્ચે અવરજવર કરતા હજારો વાહનચાલકો તથા રાહદારીઓએ મોટી રાહત અનુભવી છે. કોઝવે ખુલ્લો થવાથી વાહનચાલકોને દૈનિક ધોરણે ભોગવવી પડતી હેરાનગતિ અને 5 કિલોમીટરના લાંબા ચકરાવામાંથી આખરે મુક્તિ મળી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### આંતરરાષ્ટ્રીય 'પ્રેમચંદ કથા પર્વ'માં જી.ડી. ગોએન્કા સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા



સુરતઃ સુરતની જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ અને એક શિક્ષકે આંતરરાષ્ટ્રીય 'પ્રેમચંદ કથા પર્વ 2026' માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું અને વિવિધ સ્પર્ધાઓમાં બીજા અને ત્રીજા ક્રમે આવ્યા. આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ 31 જુલાઈ, 2026 ના રોજ દુબઈથી ઓનલાઈન આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં વાર્તાકથન સ્પર્ધામાં જશીથ આશિષ જૈન, એકપાત્રી નાટક સ્પર્ધામાં અનિશ ઝાએ બીજું ઈનામ જીત્યું હતું. નિબંધ લેખન સ્પર્ધામાં દિયા કોટકે બીજું સ્થાન મેળવ્યું હતું. હિન્દી શિક્ષક સુખદેવ જોશીએ 'મુન્શી પ્રેમચંદને પત્ર' વિષય પર પત્ર લેખન સ્પર્ધામાં બીજું સ્થાન મેળવ્યું. કિશોર મિસ્ત્રીએ પણ કાર્યક્રમને આકર્ષક અને પ્રભાવશાળી બનાવવામાં વિશેષ યોગદાન આપ્યું. તેમણે મુન્શી પ્રેમચંદ દર્શાવતું એક સુંદર હોર્ડિંગ બનાવ્યું, જે કાર્યક્રમની પ્રસ્તુતિમાં એક ભવ્ય સ્પર્શ ઉમેરે છે. શાળાના એસોસિયેટ એકેડેમિક ડિરેક્ટર, શિલ્પા સૂર્યા દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શનને કારણે આ સિદ્ધીઓ મળી હતી. આયોજન અને સંચાલનમાં સ્નેહલતા ઉપાધ્યાયનું માર્ગદર્શન રહ્યું હતું.

### નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટ નાના શહેરો સંગઠિત રિટેલના નવા કેન્દ્ર બન્યાં



સુરતઃ નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટના જણાવ્યા મુજબ, સુરત જેવા શહેરોમાં વધતી આવક, ઉદ્યોગસાહસિક વર્ગ અને યુવા ગ્રાહકવર્ગને કારણે ફેશન, લાઇફસ્ટાઇલ અને સંગઠિત શોપિંગનો વ્યાપ વધી રહ્યો છે. નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટના ચીફ ઇન્વેસ્ટર રિલેશન્સ ઓફિસર પ્રતીક દંતારાના જણાવ્યા મુજબ, નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટ હાલમાં 15 શહેરોમાં 19 મોલ્સનું સંચાલન કરે છે. તેના પોર્ટફોલિયોમાં 1.07 કરોડ ચોરસ ફૂટ રિટેલ વિસ્તાર, 3,200થી વધુ સ્ટોર્સ અને 1,100થી વધુ બ્રાન્ડ્સ છે. નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ટેનન્ટ્સનું વેચાણ 17 ટકા વધીને રૂ. 3,850 કરોડ થયું હતું. કંપનીએ 2030 સુધીમાં પોર્ટફોલિયો બમણો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. મોલ્સની સંખ્યા 30-35 અને રિટેલ વિસ્તાર 1.8થી 2 કરોડ ચોરસ ફૂટ સુધી પહોંચાડવાની યોજના છે.

### નેચરલ ડાયમંડ કાઉન્સિલનું નામ બદલીને ' ધ ડાયમંડ કલેક્ટિવ' રખાયું

લંડનઃ આજથી નેચરલ ડાયમંડ કાઉન્સિલનું નામ બદલીને 'ધ ડાયમંડ કલેક્ટિવ' કરવામાં આવ્યું છે. આ સાથે જ, કુદરતી હીરાને સંસ્કૃતિ સાથે ફરીથી જોડવા, ગ્રાહકોનો વિશ્વાસ વધુ મજબૂત કરવા અને લાંબા ગાળા સુધી તેનું મહત્ત્વ જાળવી રાખવા માટે તેણે એક નવી વૈશ્વિક રણનીતિની જાહેરાત કરી છે. ઉત્પાદકો, રિટેલર્સ, બ્રાન્ડ, કલાકારો અને ગ્રાહકો સાથે છ મહિનાની ચર્ચા-વિચારણા બાદ નવા CEO અંબર પેપર દ્વારા આ રણનીતિ ઘડવામાં આવી છે. લોકો લક્ઝરી પ્રોડક્ટને કેવી રીતે શોધે છે, તેને કેવી રીતે મૂલવે છે અને ખરીદે છે તેની પદ્ધતિમાં આવેલા મૂળભૂત ફેરફારને ધ્યાનમાં રાખીને આ રણનીતિ તૈયાર કરવામાં આવી છે.

### સાહિત્યકાર ઈશ્વરભાઈ પટેલને પંકજ કાપડીયા ઈન્સ્પિરેશનલ એવોર્ડ અપાયો



સુરતઃ કડવા પાટીદાર સમાજ, અમીધારાના સેવાભાવી કાર્યકર, સાહિત્યકાર ઈશ્વરભાઈ સી. પટેલ ને તા. ૨૦-૦૯-૨૦૨૬ ને રવિવારના રોજ "જીવનભારતી સ્કૂલ" ના "રંગભવન" સુરત ખાતે "પંકજ કાપડીયા ઈન્સ્પિરેશનલ એવોર્ડ-૨૦૨૬" એનાયત કરી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈશ્વરભાઈ છેલ્લા ૫૦ વર્ષોથી કમળાના રોગની નિઃશુલ્ક દવાનું વિતરણ કરે છે. આ સેવા કાર્ય બદલ તેમને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમદાવાદ ખાતે "ધરતી રત્ન" એવોર્ડની ટ્રોફીથી સન્માનવામાં આવ્યા હતા. જીવનભારતીમાં યોજાયેલા આ એવોર્ડ પ્રસંગે નર્મદ યુનિ.ના ઉપકુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા, પદ્મશ્રી યઝદી કરંજીયા, ભરતભાઈ શાહ(છાંયડો), અભિષેકભાઈ જૈન (ફિલ્મ મેકર) ઉપસ્થિત રહ્યાં હતા.

### ચેક રિટર્ન કેસમાં વેપારીને એક વર્ષની કેદની સજાનો હુકમ

સુરતઃ સુરતમાં નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના ચેક રીટર્ન કેસમાં સુરત કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. ફરિયાદી અલ્પેશભાઇ રમેશભાઇ વાઘાણી (સીતારામ ઇમ્પેક્ષ) પાસેથી મયુર જેરામભાઇ ધરજીયા (LEKBA MAKE) એ રૂા. ૯૩,૦૨૫ના તૈયાર હીરા ઉધાર ખરીદ્યા હતા. જેની સામે આપેલ ચેક અપૂરતા ભંડોળને કારણે બેંકમાંથી પરત ફર્યો હતો. આથી રમેશ જીવાણી અને ભૌતિક ગોરસીયા મારફતે કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સુરત કોર્ટે કેસની સુનાવણી બાદ આરોપી મયુર જેરામભાઇ ધરજીયાને તકસીરવાર ઠેરવીને ૧ વર્ષની કેદની સજા ફટકારી છે. આ સાથે ચેકની બમણી રકમ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે. જો વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

# અકસ્માતગ્રસ્ત કાર વેચ્યાના બહાને ક્લેઈમ નકારવો ગેરકાયદે

**૧.૮૭ લાખ** વ્યાજ સાથે ચૂકવવા કમિશનનો આદેશ

સુરતઃ અકસ્માતગ્રસ્ત કાર વેચી દીધી હોવાના બહાને ક્લેઈમ નકારતી વીમા કંપની સામે સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને રિપેરિંગ ખર્ચ પેટે રૂ. ૧,૮૭,૫૦૦ ની રકમ વ્યાજ સાથે ચુકવવા હુકમ કર્યો હતો.કામરેજ તાલુકાના પાસોદરાના રહેવાસી ધનેશ ચૌહાણ તા. ૧૯-૦૫-૨૦૨૦ના રોજ સુરતથી સુરેન્દ્રનગર જઈ રહ્યા હતા ત્યારે માલવડ ગામ નજીક કાર પલટી જવાથી અકસ્માત સર્જાયો હતો.

રાજકોટના વર્કશોપમાં કારનું રિપેરિંગ પાછળ કુલ રૂ. ૨,૫૦,૦૦૦નો ખર્ચ થયો હતો. વીમા કંપનીમાં કલેમ કરવામાં આવતાં કાર અન્ય વ્યક્તિને વેચી દીધી હોવાનું જણાવી ક્લેમ નામંજૂર કર્યો હતો. જેથી ફરિયાદી એ કમિશનમાં ફરિયાદ કરી હતી. ફરિયાદી તરફે એડવોકેટ પ્રાચી અર્પિત દેસાઈ અને ઈશાન શ્રેયસ દેસાઈએ દલીલ કરી હતી કે અકસ્માત સમયે આર.સી. બુકમાં તથા વીમા પોલિસીમાં ફરિયાદીનું જ નામ હતું. તેથી કાર વેચી દેવાઈ હોવાનું વીમા કંપનીનું અનુમાન ખોટું હતું.

આર.સી.બુક અને વીમા પોલિસીમાં નામ ધરાવનાર વ્યક્તિ જ વીમા ક્લેઈમ મેળવવા હક્કદાર છે. બંન્ને પક્ષની રજૂઆત બાદ સુરત જિલ્લા ગ્રાહક કમિશનના પ્રમુખ ન્યાયાધીશ પી.પી.મેખીયા અને સભ્ય તીર્થેશ મહેતાએ ફરિયાદ અંશતઃ મંજૂર કરી વીમા કંપનીને રૂ. 1,87,500 વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો હતો.

# સિવિલમાં આપઘાત રોકવાની ટ્રેનિંગના દિવસે જ તબીબે આપઘાત કર્યો હતો

**આત્મહત્યાના** જોખમના સંકેતો ઓળખવા 'ગેટકીપર ટ્રેનિંગ વર્કશોપ' યોજાયો હતો

સુરતઃ નવી સિવિલની સરકારી મેડિકલ કોલેજમાં આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ માટે 'ગેટકીપર ટ્રેનિંગ વર્કશોપ' યોજાઈ રહ્યો હતો, ત્યારે જ એનાટોમી વિભાગના રેસિડેન્ટ ડોક્ટર ડો. યોગેન પ્રજાપતિએ આપઘાત કર્યો હતો.

સુરત ગવર્મેન્ટ મેડિકલ કોલેજના સાયકિયાટ્રીક વિભાગ અને 'પ્રોજેક્ટ ડીએએસએચ'ના પ્રિન્સિપલ ઈન્વેસ્ટિગેટર ડો. ઋતંભરા મહેતાના માર્ગદર્શન હેઠળ 'ચેન્જિંગ ધ નેરેટિવ ઓન સુસાઇડ' વિષય પર ગેટકીપર ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વર્કશોપમાં વ્યસ્ત હતા ત્યારે જ ડો. યોગેને આપઘાત કરી લીધો હતો.

## પત્ની કોલેજે મૂકવા આવી, ત્યારબાદ ડિસેક્શન હોલમાં ગયો

સૂત્રોના જણાવ્યા મુજબ, આપઘાત પહેલાં સવારે આશરે 9થી 9:30 વાગ્યે ડો. યોગેને પિતા સાથે વીડિયો કોલમાં વાત કરી હતી. આ દરમિયાન તેમના પાંચ મહિનાના પુત્રએ પણ દાદા સાથે વાત કરી હતી. પરિવારના જણાવ્યા મુજબ આ સમયે યોગેન સામાન્ય અને સ્વસ્થ જણાઈ રહ્યા હતા અને કોઈ પ્રકારના તણાવમાં દેખાતા નહોતા. બાદમાં બપોરે આશરે બે વાગ્યે તેમની પત્ની મેડિકલ કોલેજ ખાતે મૂકવા આવી ત્યારે હસતાં-હસતાં કોલેજના દાદર ચઢતા જોવા મળ્યા હતા. ત્યારબાદ ફોન પર વાત કરતાં-કરતાં તેઓ એનાટોમી વિભાગના ડિસેક્શન હોલ તરફ ગયા હતા. થોડા સમય બાદ તેમણે આપઘાતનું પગલું ભર્યું હતું.

## ઓપિયોઇડના વ્યસનથી પીડાતા હતા

ડો. યોગેનની સારવાર ગાંધીનગર સ્થિત 'સંવેદના ન્યુરો સાયકિયાટ્રી એન્ડ ઈઈજી ક્લિનિક'માં ચાલી રહી હતી. સારવાર કરી રહેલા ડો. વિપુલ સી. પ્રજાપતિએ 7 જુલાઈના રોજ આપેલા મેડિકલ સર્ટિફિકેટમાં ડો. યોગેન ઓપિયોઇડના વ્યસનથી પીડાતા હોવાનું તથા તેમની દેખરેખ હેઠળ સતત સારવાર અને ફોલોઅપ લઈ રહ્યા હોવાનું નોંધ્યું હતું.

## માથાભારેએ ગણેશ વિસર્જનના દિવસે મહિલાનું બ્લાઉઝ ફાડી નાંખ્યું

સુરતઃ અમરોલીમાં રહેતો કમલેશ મારવાડી અમરોલીમાં અંજની ઈન્ડસ્ટ્રીઝમાં કરિયાણા સ્ટોર ચલાવનારની પત્ની એકલી હોય ત્યારે દુધ આપવાના બહાને તેની છેડતી કરતો હતો અને પરિણીતાએ પતિને જાણ કરતાં પતિએ આ લંપટ યુવકના પિતાને જાણ કરી હતી. તે સમયે તેણે માફી માંગી લીધી હતી અને આ મહિલાએ તેની પાસે દૂધ લેવાનું બંધ કરી દીધું હતું. જેની અદાવત રાખીને તા. ૩૦ ઓગસ્ટના રોજ રાત્રે કમલેશ મારવાડી અને તેનો મિત્ર 'લાલ બાદશાહ' હાથમાં તલવાર લઈને કરિયાણાની દુકાને ધસી આવ્યા હતા અને પરિણીતાના દિયરને તલવાર મારી હતી. બાદમાં તા.25મીએ પરિણીતાનં બ્લાઉઝ ફાડી નાખ્યું હતું. જેથી અમરોલી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**સંશોધન** સ્ટ્રોકના દર્દીઓમાં વહેલા જોખમ મૂલ્યાંકનમાં ઉપયોગી બની શકે

# CBCના રિપોર્ટમાંથી બ્રેઈન સ્ટ્રોકની ગંભીરતાનો અંદાજ

**સ્મીમેરનાં** ડો.નમ્રતા પટેલના સંશોધનનું આંતરરાષ્ટ્રીય જર્નલમાં સંશોધન પેપર પ્રકાશિત



સુરતઃ સ્મીમેર મેડિકલ કોલેજના MD મેડિસિનનાં તૃતીય વર્ષના રેસિડેન્ટ ડો.નમ્રતા પટેલે બ્રેઈન સ્ટ્રોકના દર્દીઓ માટે મહત્ત્વપૂર્ણ બની શકે તેવા સંશોધન દ્વારા સંશોધન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ડો.નમ્રતા પટેલના સંશોધનનો મુખ્ય કેન્દ્ર બિંદુ રેડ સેલ ડિસ્ટ્રીબ્યુશન Width (RDW) છે. RDW એ સામાન્ય CBC (Complete Blood Count) રિપોર્ટમાં જોવા મળતું એક પેરામીટર છે, જે લોહીમાં રહેલા લાલ રક્તકણો (RBC) ના કદમાં કેટલો તફાવત છે તેની માહિતી આપે છે. સંશોધનમાં મુખ્યત્વે એ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે RDW અને ઈસ્કેમિક સેરેબ્રોવાસ્ક્યુલર સ્ટ્રોકની ગંભીરતા વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં. એટલે કે, દર્દીના સામાન્ય રક્ત પરીક્ષણમાં ઉપલબ્ધ એક પેરામીટરનો ઉપયોગ સ્ટ્રોકની ગંભીરતાના મૂલ્યાંકનમાં કેટલો ઉપયોગી બની શકે તે દિશામાં અભ્યાસ કરવામાં આવ્યો છે. બ્રેઈન સ્ટ્રોકમાં મગજના કોઈ ભાગમાં લોહીનો પ્રવાહ અવરોધાય ત્યારે મગજની કોશિકાઓને ઓક્સિજન અને પોષક તત્ત્વો પૂરતા પ્રમાણમાં મળતા નથી. આવી સ્થિતિમાં વહેલું નિદાન, ગંભીરતાનું મૂલ્યાંકન અને યોગ્ય સારવાર શરૂ કરવી અત્યંત મહત્ત્વપૂર્ણ બને છે. આ સંદર્ભમાં RDW જેવા સામાન્ય CBC પેરામીટર અને સ્ટ્રોકની ગંભીરતા વચ્ચે સંબંધ જોવા મળે તો તે ભવિષ્યમાં દર્દીના પ્રારંભિક મૂલ્યાંકનમાં એક વધારાના સંકેત તરીકે ઉપયોગી થઈ શકે છે. સાથે સાથે દર્દીની સ્થિતિને સમજવામાં તબીબોને મદદરૂપ થવાની સંભાવના આ સંશોધનને મહત્ત્વપૂર્ણ બનાવે છે.

## મોંઘી તપાસના બદલે સરળ ટેસ્ટમાંથી સંકેત?

આ સંશોધનનું એક મહત્ત્વનું પાસું એ છે કે RDW કોઈ અત્યંત વિશિષ્ટ કે અલગથી કરાવવાની તપાસ નથી, પરંતુ સામાન્ય CBC રિપોર્ટનો જ એક ભાગ છે. તેથી સ્ટ્રોકની ગંભીરતા સાથે તેનો સંબંધ વૈજ્ઞાનિક રીતે વધુ સ્પષ્ટ થાય તો ક્લિનિકલ પ્રેક્ટિસમાં સરળતાથી ઉપલબ્ધ માહિતીનો વધુ અસરકારક ઉપયોગ કરવાની દિશા ખૂલી શકે છે. જોકે, RDWને માત્ર એકલા આધારે સ્ટ્રોકનું નિદાન કે ગંભીરતા નક્કી કરી શકાય નહીં. સ્ટ્રોકના દર્દીમાં ક્લિનિકલ તપાસ, ન્યૂરોલોજિકલ મૂલ્યાંકન તથા જરૂરી ઇમેજિંગ અને અન્ય તબીબી તપાસોનું મહત્ત્વ યથાવત્ રહે છે. RDWનો ઉપયોગ ભવિષ્યમાં અન્ય ક્લિનિકલ પરિબળો સાથેના મૂલ્યાંકનમાં કેટલો ઉપયોગી બની શકે તે વધુ સંશોધનથી સ્પષ્ટ થઈ શકે છે.

## રેસિડેન્ટ ડોક્ટર તરીકે સંશોધન ક્ષેત્રે સિદ્ધિ

MD મેડિસિનના અભ્યાસકાળ દરમિયાન જ આંતરરાષ્ટ્રીય જર્નલમાં સંશોધન પેપર પ્રકાશિત થવું સ્મીમેર મેડિકલ કોલેજ માટે પણ નોંધપાત્ર બાબત છે. આ સંશોધન દ્વારા રેસિડેન્ટ ડોક્ટરોમાં ક્લિનિકલ સારવાર સાથે સંશોધન અને વૈજ્ઞાનિક અભ્યાસ તરફની રૂચિને પ્રોત્સાહન મળવાની શક્યતા છે.

# ઉછીનાં નાણાં મુદ્દે જમીન દલાલને લાફા મારનાર ત્રણ ઝડપાયા

**વેપારીને** માર મારવાનો વિડીયો વાયરલ થતાં ઘટના બહાર આવી હતી

સુરતઃઉત્રાણમાં રહેતા જમીન દલાલ સાથે ઉછીના લીધેલા રૂ. ૧.૫૦ લાખ પરત ચુકવવા મુદ્દે મારપીટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી

ઉત્રાણનાં ઓપેલાઈન રો હાઉસમાં રહેતા કેતનભાઈ વેલજી ભાઈ વાઘાણીએ ચારેક મહિના પહેલા તેમના પરિચિત દીપકભાઈ મનજીભાઈ કોશિયા પાસેથી રૂ. ત્રણ લાખ ઉધાર લીધા હતા. જેમાંથી રૂ. ૧,૫૦,૦૦૦ તેમણે પરત ચુકવી આપ્યા હતા અને બાકીના રૂ. ૧.૫૦ લાખ સગવડતા મુજબ આપવાનું નક્કી થયું હતું. પરંતુ પુત્ર તારક અવારનવાર ફોન કરી ઉઘરાણી કરી હેરાન-પરેશાન કરતો હતો. ગઈ તા. ૨૪/૦૮/૨૦૨૬ના રોજ બપોરે કેતનભાઈ અને તેમના મિત્ર મુકેશભાઈ શેખડા ઉત્રાણ વી.આઈ.પી. સર્કલ પાસે હોટેલ પર હતા ત્યારે તારક અને તેના સાથીઓ ત્યાં પહોંચ્યા હતા. બાંહેધરી પેટે બેંકના બે ચેક આપવા છતાં તારકે પિતા સાથે વાત કરાવી મોટા વરાછા સ્થિત તેમની કપડાની દુકાને બોલાવ્યા હતા. ત્યારબાદ હિસાબ પતાવવાના બહાને કેતનભાઈને મોટા વરાછા અબ્રામા રોડ પર આવેલ 'શાંતિનિકેતન ફ્લોરા'ના બીજા માળે ઓફિસ નં. ૨૦૭ 'આર્યા એક્સપોર્ટ' ખાતે લઈ જઈ તારક કોશિયા અને તેના સાથીદારોએ કેતનભાઈને ગાળો આપી ઉગ્ર ઉઘરાણી શરૂ કરી માર માર્યો હતો. ઘટનાનો વિડીયો વાઈરલ થતાં ઉત્રાણ પોલીસે ગુનો નોંધી મૌલિક મહેશભાઈ ચૌહાણ, માનવકુમાર લાલજીભાઈ કોશીયા અને તારક દિપકભાઈ કોશીયાની ધરપકડ કરી હતી.